જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૩/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** સમાચાર યાદી નં.૫૫૧/૧૫

## પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇન

તારીખ 14/03/2015 ના રોજ સાંજે પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇન ઉપર બેલા બહેન ( નામ બદલેલ છે) નો ફોન આવ્યો હતો અને બેલા બહેને જણાવેલ કે એક બહેન નાની બેબીને લઈને ત્રણ દિવસથી અહી ફરે છે તો તેમને મદદ કરશો. હું અહિયાં તેમને ત્રણ દિવસ થી દેખું છું અને તેઓ ને મદદ ની જરૂર છે.અને તેમને સાથે નાની બેબી પણ છે.જેથી પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇનની ટીમે બાબતની ગંભીરતાને સમજતા સમયસુચકતા વાપરીને તાત્કાલિક કાગડાપીઠ 2 પોલીસ વાન સ્થળ પર મોકલી આપી તપાસ કરતાં બેલા બહેનને મળતાં જણાવે છે કે એક બહેન નામે રંભા બહેન તેમની ત્રણ વર્ષથી નાની છોકરીને લઈને જુનાગઢથી લઈને આવેલ જે નિરાધાર હોય છે.જેથી તેમની મદદ કરો.જેથી પો.સ્ટે સોંપતા રંભા બહેન ની પૂછ પરછ કરતા જેઓ એ જણાવ્યું કે તેમના બહેનના લીના બહેન મેઘાણીનગર ખાતે રહેતાં છે. તેથી તેમને બોલાવી રભા બહેન ને સહી સલામત નાની બેબી સાથે તેમના બહેન ને સોપેલ છે. અને રંભા બહેન સાથે અનઈચ્છનીય ઘટના બનતા અટકાવેલ.

તારીખ 17/03/2015 ના રોજ રાત્રે પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇન ઉપર અંજુ બહેન ( નામ બદલેલ છે) નો ફોન આવ્યો હતો અને અંજુ બહેને જણાવેલ કે મારા ઘરમાં રાજારામ, સુનીલ, નરેશ તથા જીતેન ઘુસી ગયા છે અને તેઓ તીક્ષ હથિયાર સાથે ફરે છે અને મને ડર છે કે તેઓ અમને નુકશાન પહોચાડી શકે છે .તો મને મદદ કરશો જેથી પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇનની ટીમે બાબતની ગંભીરતાને સમજતા સમયસુચકતા વાપરીને તાત્કાલિક રામોલ મોબાઈલ પોલીસ વાન સ્થળ પર મોકલી તપાસ કરતાં અંજુ બહેને જણાવેલ કે અમારી સાથે ઝઘડો કરનાર માણસો તમે પોલીસ પહોંચતા જ જતા રહેલ છે પરંતુ અંજુ બહેનની મદદ કરી પો.સ્ટે સોંપતા સામાવાળા વિરુધ્ધ આઈ.પી.સી 323, 294(ખ), 427, 452, 506(2) તથા 114 મુજબ ગુનો દાખલ કરી અંજુ બહેન સાથે અનઈચ્છનીય ઘટના બનતા અટકાવેલ.અને આગળની કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

તારીખ 15/03/2015 ના રોજ રાત્રે પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇન ઉપર નિર્મળા બહેન ( નામ બદલેલ છે) નો ફોન આવ્યો હતો અને નિર્મળા બહેને જણાવેલ કે એક 17 વર્ષની છોકરી કોઈને શોધતી હોઈ તેમ ફર્યા કરે છે અને ભુલી પડેલ હોઈ તેમ લાગે છે તો તેને મદદ કરશો જેથી પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇનની ટીમે બાબતની ગંભીરતાને સમજતા સમયસુચકતા વાપરીને તાત્કાલિક રામોલ મોબાઈલ પોલીસ વાન સ્થળ પર મોકલી તે બહેનને પો.સ્ટે સોંપેલ અને તે બેનને પૂછતાં જણાવેલ કે હું ઔડાના મકાનમાં રહું છું અને તેના બનેવીનો ફોન નંબર આપતા તેઓને ફોન કરી પો.સ્ટે બોલાવી તેઓને પુછતા સ્વ ખુશીથી લઇ જવા ઈચ્છતા હોય તેઓને સોંપેલ છે અને તે છોકરી સાથે અનઈચ્છનીય ઘટના બનતા અટકાવેલ.

## <u>અમદાવાદ ઈસનપુર વિસ્તારમાંથી ગેરકાયદેસર હથિયાર તથા ત્રણ કારતુસ સાથે બે ઈસમો પકડાયા</u>

અમદાવાદ શહેરમાં બનેલ ફાયરીંગના બનાવોમાં ગેર કાયદેસર હથિયારોનો ઉપયોગ થતો હોય જેથી આવા ગુનાઓમાં વપરાતા હથીયારો શોધી કાઢવા તેમજ અમદાવાદ શહેરમાં આવા પ્રકારના ગેરકાયદેસર હથીયારોની હેરાફેરીના કેસો શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી એમ.ડી.ચૌધરી મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને તા.૧૮/૩/૧૫ ના રોજ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના પો.સ.ઈ શ્રી બી.એચ.કોરોટ તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે **(૧) હિરેન્દ્રસીંગ ઉર્ફે શીલુ સ/ઓ સુરેશસીંગ તોમર ઉ.વ.૨૬ રહે. ગામ અંતોલ થાના-અયાના તા.જી.ઔરીયા ઉત્તરપ્રદેશ (૨) વિક્રમસીંગ ઉર્ફે રમાકાંત સ/ઓ સુરેશચંદ્ર કેવટ ઉ.વ.૨૪ રહે. ગામ-સાલા પોસ્ટ પન્નર તા.જી.ઔરીયા ઉત્તરપ્રદેશ** નાઓ પોતાના કબ્જામાં વગર પાસ પરવાનાનો દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૧ તથા ત્રણ જીવતા કારતુસ પોતાની પાસે રાખી ઈસનપુર જયમાલા બસ સ્ટેન્ડ પાસે થી પસાર થવાના હોવાની હકીકત આધારે દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૧ કિ.રૂ. ૫૦૦૦/- તથા જીવતા કારતુસ -૩ કી.રુ.૩૦૦/- મળી કુલ્લે રુ.૫,૩૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી આરોપીઓ વિરુધ્ધમાં ડી.સી.બી. પો.સ્ટે. ખાતે આર્મ્સ એકટ કલમ :૨૫(૧) બી.એ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે આરોપીઓની પુછપરછ કરતાં પોતાના વતન ખાતેથી આ હથીયાર લાવી વેચાણ કરવા સારુ બે દિવસ પહેલા અમદાવાદ આવેલ હોવાનુ જણાવેલ છે. આગળની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ નાઓ ચલાવી રહેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.